P G V C L

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન: ૦૨૮૩૨ ૨૫૫૩૭૭ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં.: કેસી/સીજીઆરએફ/ હુકમ/૨૦૧૮/ ૩૨

તારીખ: 23. 2. 18

રજી. એ. ડી દ્વારા

પ્રતિ શ્રી,
નાનજીભાઇ ભુરાભાઇ ગાલા,
ગામ- નંદાસર,
તા- રાપર,
જી- કચ્છ

Mobile Number :-

વિષય:- નવા ખેતીવાડી વીજજોડાણ આપવા બાબત અંગે.

સંદર્ભ:- (૧) આપની અરજી નોંધણી નં. તીજી ૦૩/૦૧૦/૨૦૧૭-૧૮.

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ તરફથી તારીખ: - ૨૬/૧૨/૨૦૧૭ ની બેઠકમાં કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

(એસ. એન વઢોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
પીજીવીસીએલ સર્કલ ઓફિસ ભુજ.

બિડાણ-ઉપર મુજબ

નકલ સાદર રવાના:-

૧. શ્રી એ. એમ. દેબર
ચેરમેનશ્રી સી. જી. આર. એફ. ભુજ.
બ્લોક નં. એ. એ. - ૧૦ ઓસ્કાર સોસાયટી, નાણાવટી ચાર રસ્તા
રૈયા સર્કલ, રાજકોટ- ૩૬૦૦૦૫.

૨. શ્રીમતી નીતીનાબેન હરીપ્રસાદ જોષી, સ્વતંત્ર સભ્ય,
૧૦/ ૧૧૬ લક્ષ્મી પાર્ક, લક્ષ્મી વાડી, પૂજારા પ્લોટ મેઇન રોડ,
કુવાવાલી ખોડીયાર મંદીર સામે, રાજકોટ-૩૬૦૦૦૨.

૩. શ્રી પી. આર. વ્યાસ, ટેકનીકલ મેમ્બરશ્રી, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ભુજ
વિશેષ મુખ્ય ઇજનેર, પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ

૪. શ્રી અધિક્ષક ઇજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

૫. કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ભચાઉ a/c

૬. નાયબ ઇજનેર પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી રાપર



Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮

* કેસ નં - પીજી ૦૩-૦૧૦-૨૦૧૭-૧૮
* નોંધણી તારીખ:- ૦૪-૧૨-૨૦૧૭
* નિર્ણયની તારીખ:- ૨૬-૧૨-૨૦૧૭

| | | |
|---|---|---|
| અરજદાર | :- | શ્રી નાનજીભાઈ ભૂરાભાઈ ગાલા |
| અરજદાર વતી રજુઆત કરનાર | :- | અરજદાર વતી તેમના અધિકૃત પ્રતિનિધિ હાજર છે. |

## વિરુધ્ધ

| | | |
|---|---|---|
| સામાવાળા | :- | કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, ભચાઉ. |
| સામાવાળા વતી રજુઆત કરનાર | :- | શ્રી જે.વાય.રાવ, કાર્યપાલક ઈજનેર, ભચાઉ વિભાગીય કચેરી. |

ઉપરોક્ત બંને પક્ષકારોને તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેમની રજુઆત કરવા માટે તા. ૧૮/૧૨/૨૦૧૭ના રોજ અંજાર મધ્યે અને તા.૨૬/૧૨/૨૦૧૭ના રોજ રાખવામાં આવેલ.

## કાર્યવાહી

## ગ્રાહકની રજુઆત

(૧) આજરોજ તા. ૧૮-૧૨-૨૦૧૭ના રોજ અંજાર મધ્યેની ફોરમની બેઠકમાં ફરિયાદી નાનજીભાઈ ભુરાભાઈ ગાલાના પ્રતિનિધિ શ્રી ખાનાભાઈ ભુરાભાઈ રાઠોડ, કીડીયા નગર હાજર છે પરંતુ ફરિયાદ નાનજીભાઈ ભુરાભાઈ ગાલાની હોઈ અને રજૂઆત કરતા પ્રતિનિધિ પાસે કોઈ યોગ્ય ઓથોરીટી ન હોઈ એક મુદ્દત આપવામાં આવે છે.

આજરોજ તા. ૨૬-૧૨-૨૦૧૭ના રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં ફરિયાદી નાનજીભાઈ ભુરાભાઈ ગાલાના પ્રતિનિધિ શ્રી ખાનાભાઈ ભુરાભાઈ રાઠોડ, કીડીયા નગર હાજર છે અને તેમની એવી રજૂઆત છે કે; તેમની માલિકીની ખેતીવાડીની જમીન ગામ-નંદાસર, સર્વે નં. ૧૬૩/૨/P1 માં ૨૦ એચ.પી.ની માંગણી તા.૧૨/૧૦/૨૦૧૦ના રોજ કરેલ છે. ત્યારબાદ કોટેશનની રકમ તા.૦૪/૧૦/૨૦૧૪ના રોજ ભરપાઈ કરેલ છે. પરંતુ આજ સુધી નવું ખેતીવાડી કનેક્શન ચાલુ કરેલ નથી. અમારું કનેક્શન ચાલુ ન હોવા છતાં પીજીવીસીએલે કનેકશન ચાલુ હોવાથી અમોને વીજબીલ આપવાનું ચાલુ કરવામાં આવેલ. પરંતુ અમારું વીજ કનેક્શન અપાયેલ ન હોવાથી અમોએ વીજબીલ ભરેલ નહીં. અમારી પીજીવીસીએલ કચેરીએ કરેલ રજૂઆતના અંતે અમોને આપવામાં આવતા વીજબીલો બંધ કરવામાં આવે. અમારી ફોરમને વિનંતી છે કે, અમારા વીજકનેક્શનની કાર્યવાહી બને તેટલી ઝડપથી પૂર્ણ કરી અમારું નવું ખેતીવાડી વીજકનેક્શન આપવામાં આવે.

Scanned by CamScanner

# પીજીવીસીએલની રજુઆત

(૨) આજરોજ તા. ૧૮-૧૨-૨૦૧૭ના રોજ અંજાર મધ્યેની ફોરમની બેઠકમાં પી.જી.વી.સી.એલ. વતી શ્રી જે.વાય.રાવ, કાર્યપાલક ઈજનેર, ભચાઉ વિભાગીય કચેરી હાજર છે અને તેમની રજુઆત છે કે; ફરિયાદીએ પ્રથમ તા.૧૦/૧૦/૨૦૧૨ના રોજ રૂ.૨૦૦/-(અંકે રૂપિયા બસ્સો પૂરા) રજી. ચાર્જ ભરી ખેતીવાડી વીજ જોડાણ સર્વે નં.૧૬૩/૨/P1માં ગામ – નંદાસર તાલુકો- રાપરમાં અરજી કરેલ. સદર કનેક્શનને સર્વે કરી એચ.ટી. લાઈન ૨૦૦ મીટર અને ૨૫ કેવી ટ્રાન્સ સેન્ટરની પ્રપોઝલ મૂકેલ છે અને મંજૂરી મળ્યા પછી તા.૧૧-૦૯-૨૦૧૪ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ જેની રકમ તા.૦૪/૧૦/૨૦૧૪ના રોજ ભરપાઈ કરવામાં આવેલ. ત્યારપછી કંપનીના નિયમોનુસાર તમામ કાર્યવાહી જેમ કે એગ્રીમેન્ટ અરજદારે કંપની સાથે પૂર્ણ કરેલ છે. આમ છતાં ફરિયાદની તારીખ સુધી વીજ કનેક્શનની કોઈ કાર્યવાહી ન થતાં એટલે કે વીજ લાઈન ઉભી ન થવા વગેરેની કાર્યવાહી થયેલ નથી. પરંતુ તા. ૨૫/૦૬/૨૦૧૫ના રોજ પીજીવીસીએલના રેકોર્ડ મુજબ સદર કનેક્શન ગ્રાહક નં. ૩૮૬૦૬/૧૦૧૨૨/૨ ૨૦ એચ.પી. સાથેના બીલો ચાલુ છે તેમજ નિયમિત રીતે ફરિયાદોને આપવામાં આવેલ છે. ફોરમ સમક્ષ ફરિયાદ થયા બાદ મારા દ્વારા સ્થાનિકે સ્થળ ચકાસણી કરતાં કોઈ વીજ લાઈન ઉભી થયેલ નથી. આ અંગેનો અહેવાલની રજૂઆત ઉપરી ઓફિસમાં કરવામાં આવેલ છે. આમ, વીજ કનેક્શનની કામગીરી કંપની દ્વારા કરવામાં નથી આવેલ છતાં કનેક્શન રેકર્ડ ઉપર ચાલુ છે એ હકીકત છે.

આજરોજ તા. ૨૬-૧૨-૨૦૧૭ના રોજ ભુજ મધ્યેની ફોરમની બેઠકમાં પી.જી.વી.સી.એલ. વતી શ્રી જે.વાય.રાવ, કાર્યપાલક ઈજનેર, ભચાઉ વિભાગીય કચેરી હાજર છે અને તેમની રજુઆત છે કે; અમારી તા.૧૮-૧૨-૨૦૧૭ની રજૂઆત ઉપરાંત ફોરમ સમક્ષ અરજદારે ફરિયાદ કરતા અગાઉ અમારી ભચાઉ કચેરીને આ અંગેની ફરિયાદ તા.૨૨-૧૧-૨૦૧૬ના રોજ મળે જેના અનુસંધાને અમારી કચેરી દ્વારા સ્થાનિક કચેરીની મુલાકાત લઈ સ્થળ રોજકામ કરેલ અને સ્થળ ચકાસણી દરમ્યાન લાઈન કામ અંગેની કોઈ પણ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

# નિષ્કર્ષ

(3) બન્ને પક્ષકારોની લેખિત-મૌખિક રજૂઆતો ધ્યાને લેતાં ફરિયાદીની મુખ્યત્વે ફરિયાદ એવી છે કે, ફરિયાદી ગામ નંદાસર તાલુકો રાપર – ભુજ-કચ્છમાં તેમની માલિકીની ખેતીવાડીની જમીન સર્વે નં. ૧૬૩/૨/P1 ગામ:નંદાસર ખાતે ધરાવે છે. આ ખેતીવાડી જમીનમાં પાકના વાવેતરને પાણી તેમજ અન્ય જરૂરિયાત માટે પીજીવીસીએલ કંપનીમાં તા.૧૨-૧૦-૨૦૧૨ના ૨૦ એચ.પી.ની માંગણી કરતી અરજી કરેલ અને કોટેશનની રકમ તા.૦૪-૧૦-૨૦૧૨ના રોજ ભરેલી ત્યારબાદ પીજીવીસીએલ કંપનીમાં નિયમાનુસાર થતી કાર્યવાહી જેવી કે એગ્રીમેન્ટ, ટેસ્ટ રીપોર્ટ વગેરેની કાર્યવાહી કરેલ. પરંતુ વીજ કનેક્શન આપવામાં આવેલ ન હોવા છતાં વીજકનેક્શનના વીજવપરાશના બીલો આપવામાં આવેલા જે ફરિયાદીએ કનેક્શન ચાલુ ન હોતા આ બીલો તેમણે ભરેલ નથી. ત્યારબાદ ફરિયાદીએ પીજીવીસીએલની કંપનીમાં રજૂઆત કરતાં આ વીજબીલો આપવાના બંધ કરેલ છે. ફરિયાદીની રજૂઆત છે કે અમોને અમારું ખેતીવાડી વીજકનેક્શન સત્વરે ચાલુ થાય તેવી છે. સામેપક્ષે પીજીવીસીએલ કંપનીની રજૂઆત એવી છે કે, ફરિયાદીએ નવા ખેતીવાડી વીજકનેક્શન જોડાણ માટે રૂ.૨૦૦/-(અંકે રૂપિયા બસ્સો પૂરા) તા. ૧૦-૧૦-૨૦૧૨ના રોજ ૨૦ એચ.પી. વીજભાર માટે અરજી કરેલી. અરજદારે અંદાજપત્ર અને એગ્રીમેન્ટ જેવી કાર્યવાહી તા.૧૧-૦૯-૨૦૧૪ના રોજ પૂર્ણ કરેલ પરંતુ આ અંગે જરૂરી લાઈનનું કામ રેકર્ડ તપાસતાં પૂર્ણ થયેલ નથી પરંતુ સદર કામ પૂર્ણ થયેલ બતાવવામાં આવેલ છે અને ગ્રાહક નં.૩૮૬૦૬/૧૦૧૨૨/૨ વીજ

Scanned by CamScanner

કનેક્શન રેકર્ડ પર બતાવવામાં આવેલ છે. પરંતુ ફરિયાદીએ ફોરમમાં ફરિયાદ કરતાં અગાઉ આ અંગે ભચાઉ વિભાગીય કચેરીએ પણ ફરિયાદ કરેલી. આ ફરિયાદના અનુસંધાને સ્થળ ઉપર કાર્યપાલક ઈજનેરશ્રી ભચાઉ દ્વારા સ્થળની ચકાસણી કરવામાં આવેલ ત્યારે વીજકનેક્શન આપવા માટેની કોઈ કામગીરી થયેલ ન હતી અને આ અંગે સ્થળ ઉપર પંચનામું કરવામાં આવેલ અને તેની લેખિત જાણ ઉચ્ચ કક્ષાએ કરવામાં આવેલ હતી અને આ સ્થળ પંચનામાના આધારે પીજીવીસીએલ કંપની દ્વારા આપવામાં આવેલ વીજબીલો રદ કરવામાં આવેલ છે. આમ જે ચડતર બીલો હતા તે પણ સક્ષમ અધિકારીની મંજૂરી લઈને બાદ કરવામાં આવેલ છે. કંપનીના નિયમમુજબ સદર કનેક્શન પેઈડ પડતર હોઈ આ વીજ કનેક્શન આપવામાં આવશે. બંને પક્ષકારોની લેખિત તેમજ મૌખિક રજૂઆતો તથા ફાઈલમાં પડેલા પુરાવાઓને ધ્યાને લેતાં ફરિયાદીએ વીજકનેક્શન લેવા માટેઅરજી કરેલ છે અને તે માટેની તેમણે તમામ કાર્યવાહી જેવી કે અંદાજપત્ર. ટેસ્ટ રીપોર્ટ વગેરે પૂર્ણ કરેલ છે. પરંતુ પીજીવીસીએલ કક્ષાએ કયા કારણોસર વીજકનેક્શન માટેની કાર્યવાહી પૂર્ણ કરેલ નથી તે અંગેના પૂરતા કારણો રજૂ કરેલ છે. તેમાં સ્થળ ઉપર નિરીક્ષણ કરતાં વીજલાઈનની કામગીરી પૂર્ણ થયેલ નથી તો આ વીજલાઈન કંપનીના નિયમાનુસાર પૂર્ણ કરીને ફરિયાદીને તેમણે માંગેલ સર્વે નં. ૧૬૩/૨/P! માં ફરિયાદી દ્વારા અદ્યતન સંલગ્ન પુરાવા જેવા કે ૭ 'અ' ૮ 'બાર' રજૂ થયે ૨૦ એચ.પી. વીજભારનું વીજકનેક્શન સત્વરે આપવું. ફરિયાદીની ફરિયાદ મંજૂર કરવામાં આવે છે.

# હુકમ

(૪) ફરિયાદીને કંપનીના નિયમાનુસાર ફરિયાદી દ્વારા તેમણે માંગેલ સર્વે નં. ૧૬૩/૨/P1 ગામ:નંદાસર ખાતે ૨૦ એચ.પી. વીજભારનું વીજકનેક્શન સત્વરે વીજકંપનીના નિયમાનુસાર આપવાની કાર્યવાહી દિવસ ૨૦(વીસ)માં કરવાનો આથી હુકમ કરવામાં આવે છે. ફરિયાદીની ફરિયાદ મંજૂર કરવામાં આવે છે.

સ્થળ : ભુજ-કચ્છ

તારીખ : ૨૬-૧૨-૨૦૧૭

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.આર.વ્યાસ) | (એ.એમ.ઢેબર) |
| સ્વતંત્ર સભ્યશ્રી | મેમ્બર ટેકશ્રી | પ્રમુખશ્રી |
| સીજીઆરએફ, | સીજીઆરએફ, | સીજીઆરએફ, |
| પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. |

<u>નોંધ:-</u> ફરિયાદીને જો આ હુકમ સામે અસંતોષ હોય તો હુકમ મળ્યાની તારીખથી દિવસ ૩૦(ત્રીસ)માં વીજ લોકપાલ(એમ્બુસમેન્ટ) ગુજરાત વીજ નિયંત્રકની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૦ સમક્ષ અપીલ કરી શકશે.

Scanned by CamScanner